

પ્લાસ્ટીક મુક્ત ગાંધીનગર : શહેરમાં છેલ્લા કેટલાક સમયથી આરંભાયેલ પ્લાસ્ટીક મુક્ત અભિયાનમાં રોજેરોજ સેંકડો કિલો પ્લાસ્ટીક પકડાય છે. શનિવારે ઈન્ફોસિટી વિસ્તારની જાણીતી મીઠાઈની દુકાનમાંથી જથ્થાબંધ પ્લાસ્ટીકની બેગ તંત્રએ જપ્ત કરી હતી.

# ખ-માર્ગની સુધારણાનું કામ હાથ ધરાયુ

## નવા સેકટરોમાં રીંગ રોડના સરફેસીંગનુ કામ પણ શરૂ : ૪ કરોડ ખર્ચાશે

ગાંધીનગર તા ૧૭

શહેરના સે-૬ થી ૮ માં સેકટરોના રીંગ રોડના સરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. અગાઉ નવા સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાયુ ત્યારે આ કામગીરીને મંજુરી આપવામાં આવી હતી. પરંતુ વરસાદી દિવસોના લીધે કામ થઈ શકયુ ન હતુ. જો કે હજુ આ સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ બાકી છે. જયારે સેકટરોના રીંગ રોડની સાથે નગરના ખ માર્ગ પર રીસરફેસીંગનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. વાઈબ્રન્ટ સમિટ નજીક છે. ત્યારે સેકટરોના રસ્તાની સાથે મુખ્યમાર્ગોને પણ રીસરફેસીંગ હેઠળ આવરી લેવા આયોજન કરવામાં આવ્યુ છે.

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન માર્ગ સુધારણાની કામગીરી બંધ કરી દેવામાં આવી હતી .જયારે નવરાત બાદ તુરંત જ માર્ગ સુધારણાનુ કામ શરૂ કરી દેવાયુ હતુ. જેમાં નગરના મુખ્ય ચ માર્ગની સુધારણા પણ હાથ ધરવામાં આવી હતી. આગામી દિવસોમાં વાઈબ્રન્ટ સમિટનુ આયોજન કરવામાં આવનાર છે. ત્યારે નગરના માર્ગોની સુધારણા તેમજ અન્ય બ્યુટીફિકેશનના કામો તરફ વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યુ છે. જો કે અગાઉ મંજુર થયેલા રસ્તાના બાકી કામો પણ હાથ ધરાયા છે. જેમાં સે-૬ થી ૮ના રીંગ રોડના સરફેસીંગનુ કામ પણ હાથ ધરાયુ છે.

નિયત સમય કરતા વધુ સમય વિતી જતા આ માર્ગોની સુધારણાનુ કામ પણ આરંભી દેવાયુ છે. નવેમ્બર મહીનાના અંતે સુધીમાં માર્ગ સુધારણાનુ કામ પુર્ણ કરી દેવાશે. આ ઉપરાંત નગરના ખ માર્ગની સુધારણા માટે પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ખ માર્ગ પર અમુક ભાગમાં વાઈડનીંગનુ કામ પણ પુર્ણ કરાશે. જયારે મહાત્મા મંદિર સાથે જોડાયેલા આ માર્ગની સરફેસ સુધારવા માટે પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. નવા સેકટરોના રીંગ રોડને યોગ્ય કરવા માટે રૂ ૪.૪૩ કરોડનો ખર્ચ થશે. જયારે ખ માર્ગ સહીત અન્ય માર્ગોની સુધારણાનુ કામ પણ આગામી મહીનામાં પુર્ણ કરી દેવાશે. માર્ગ સુધારણાના અંતે રોડ ફર્નિચરને લગતી કામગીરી પણ હાથ ધરાશે.

# સોલા ખાતે ખાનગી એમ્બ્યુલન્સ પાસેથી હપ્તા માંગતા ફરિયાદ કરાઈ

શહેરના એસ.જી.હાઈવે પર આવેલ સોલા સિવિલ હોસ્પિટલમાં પ્રાઈવેટ એમ્બ્યુલન્સ મુકવી હોય તો હપ્તો આપવો પડશે તેમ કહી પઠાણી ઉઘરાણી કરતાં બે શખ્સો વિરુદ્ધમાં સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થઈ છે. સોલા પોલીસે બંને આરોપીઓની ધરપકડ માટેની તજવીજ શરૂ કરી સમગ્ર મામલામાં વધુ તપાસ હાથ ધરી છે. છેલ્લા ઘણા સમયથી આ બંને શખ્સો દ્વારા પ્રાઈવેટ એમ્બ્યુલન્સ ચલાવતા યુવક પાસેથી હપ્તાના નામે ખંડણી માગતા હતા. સોલા પોલીસે હાઈકોર્ટ તેમજ ઉચ્ચ અધિકારીઓના આદેશ બાદ બે શખ્સો વિરુદ્ધમાં ગુનો દાખલ કર્યો છે.

# સૌરાષ્ટ્ર રૂટની બસો દિવસના બદલે રાત્રિના સમયે દોડાવવા માંગ

## દિવસે બસ સેવાને અનુલક્ષી પુરતો ટ્રાફિક મળતો નથી : મુસાફરો બસ સેવાનો પુરતો લાભ લઇ શકતા ન હોવાની નારાજગી

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર એસ ટી ડેપોમાં સૌરાષ્ટ્ર સહીત રાજયના વિવિધ શહેરોને જોડતી બસ સેવા માટે તબક્કાવાર રૂટ વધારવામાં આવે છે. જયારે સૌરાષ્ટ્ર વિસ્તારમાં મોટાભાગની બસો દિવસ દરમિયાન દોડતી હોવાથી જોઈએ તેટલો ટ્રાફિક મળતો નથી આવા સંજોગોમાં સૌરાષ્ટ્ર તરફની બસનો સમય રાત્રિના કરવા માટે પણ સ્થાનિકો તેમજ મુલાકાતીઓએ માંગણી કરી છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાંથી રાજયના વિવિધ શહેરોને જોડતી બસ સેવા ઉપલબ્ધ થાય તે મુજબનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. પાટનગર હોવાના નાતે ગાંધીનગરમાં વિવિધ શહેરોમાંથી આવતા મુલાકાતીઓની સંખ્યા પણ વિશેષ હોય છે. જેના લીધે ગાંધીનગર ડેપો દ્વારા સમયાંતરે નવા રૂટોની બસો પણ શરૂ કરવામાં આવે છે. થોડા સમય અગાઉ જ અમરેલી રૂટની એ સી બસ સેવા પણ શરૂ કરવામાં આવી હતી. સૌરાષ્ટ્રમાંથી આવતા મુસાફરોની સંખ્યા પણ વિશેષ હોવાથી અનુલક્ષીને સ્થાનિકો દ્વારા આ રૂટની બસ રાત્રિના સમયે રૂટમાં દોડે તેવી વ્યવસ્થા કરવા માટે પણ માંગણી કરવામાં આવી છે. ડેપો સંકુલમાંથી



રાજકોટ , જુનાગઢ , સોમનાથ સુરેન્દ્રનગર રૂટમાં પણ વિશેષ બસ સેવાના રૂટ ગોઠવાયેલા છે. જયારે સૌરાષ્ટ્ર રૂટની બસ સેવા દિવસ દરમિયાન દોડાવાય છે. આવા સંજોગોમાં આ રૂટની બસોમાં જોઈએ તેટલો ટ્રાફિક મળતો નથી. જેને દિવસ દરમિયાન દોડતી એસ ટીની સૌરાષ્ટ્ર તરફની બસોને જરૂરી ટ્રાફિક મળતો ન હોવાથી એસ ટી એ પણ નુકશાની વેઠવી પડે છે. જયારે જરૂરી અભ્યાસના અંતે આ બસસેવા રાત્રિના સમયે શરૂ કરવામાં આવે તેવી પણ માંગણી કરવામાં આવી છે.

# 'પેટીએમ પેમેન્ટ સક્સેસફુલ' મેસેજ ખોટો હોઈ શકે છે..!!

## એક એપ્લિકેશનની મદદથી વેપારીઓને ચૂનો લગાવી ટોળકી સક્રિય : ચિલોડા પાસેના પેટ્રોલ પંપનાં માલિકને બે લાખનો ચૂનો લાગ્યો

ગાંધીનગર, તા.૧૭

ડિજિટલ ઈન્ડિયાની ગુલબાંગો વચ્ચે ડીઝીટલ પેમેન્ટની





સિક્યુરિટી એક મોટો પડકાર બની ગયો છે. ડીઝીટલ પેમેન્ટ દરમિયાન ગ્રાહકો તો ઠીક વેપારીઓ પણ છેતરાતા થઈ ગયા છે. તાજેતરમાં જ ગાંધીનગર નજીકના ચિલોડા પાસે આવેલા એક પેટ્રોલ પંપનો કિસ્સો જોતા એમ લાગી રહ્યું છે કે જો વેપારીઓ પોતે જ હવે સાવધાન નહીં થાય તો કદાચ હાઈટેક સ્માર્ટ ચિટરો વેપારીઓને એકદમ સરળતાથી લાખો કરોડોનો ચૂનો લગાવી દેશે અને વેપારી કાંઈ જ ઉખાડી નહિ શકે. ચિલોડા પાસે આવેલા સરોજબા પેટ્રોલ પંપમાં આવી જ એક સ્માર્ટ ઠગ ટોળકીએ એક જ મહિનામાં બે લાખ રૂપિયાનું વાહનોમાં પેટ્રોલ-ડીઝલ પુરાવીને પેટીએમ 'પેમેન્ટ સક્સેસફુલ'નો મેસેજ બતાવી ફ્રીમાં પેટ્રોલ ડીઝલ પુરાવીને બે લાખનો ચૂનો લગાવ્યો હોવાનું ધ્યાને આવ્યું છે. જાણવા મળ્યું છે કે એક એપ્લિકેશન એવી છે જેનાથી પેટીએમ પેમેન્ટ થઈ ગયું હોવાનો મેસેજ બતાવે પરંતુ પેમેન્ટ થયું જ ના હોય..! પેટ્રોલ પંપના મેનેજરે ચિલોડા પોલીસ મથકમાં આ મામલે ફરિયાદ નોંધાવી છે.

ચિલોડા ગાંધીનગર માર્ગ પર આવેલા સરોજબા પેટ્રોલ પંપનાં મેનેજર મનહરકુમાર પ્રવીણજી ઠાકોરે ચિલોડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે કે તેમના પેટ્રોલ પંપનો માસિક હિસાબ ચેક કર્યો તે દરમિયાન રૂપિયા બે લાખનો ગોટાળો આવ્યો હતો. આ ગોટાળો કેવી રીતે થયો? બે લાખનો હિસાબ કેમ નથી મળતો? તે ચેક કર્યુ ત્યારે ખબર પડી કે તે મહિનાના પેટીએમ દ્વારા થયેલા પેમેન્ટના હિસાબમાં ભૂલ આવી છે. પેટ્રોલ-ડીઝલ

**વેપારીઓ સાવધાન**

ફિલિંગ કરતા કર્મચારીઓને પેટ્રોલ ડીઝલ ભરાવીને ગ્રાહક પેટીએમ પેમેન્ટ સક્સેસફુલ નો મેસેજ બતાવી ત્યાંથી નીકળી જતા હોય છે ક્યારેક પેટીએમ પેમેન્ટ રિસીવ નો મેસેજ મોડો આવતો હોવાથી મોબાઈલ ડિસ્પ્લેમાં પેમેન્ટ સક્સેસફુલનો મેસેજ જોઈને કર્મચારીઓ પેટ્રોલ ડીઝલ ભરાવવા આવતાં ગ્રાહકને જવા દેતા હોય છે. આમાં જ ક્યાંક લોચો વાગ્યો હોવાનો અંદાજ આવતા પેટ્રોલ પંપના માલિક એસ પી ઠાકોરે આખા મહિનાના સીસીટીવી ફૂટેજ ચેક કર્યા હતા. તેમાં તેમને જાણવા મળ્યું કે એક યુવા ગેંગ અલગ અલગ ગાડીઓ લઈને પંપમાં પેટ્રોલ-ડિઝલ પુરાવવા આવેલી છે અને તેમણે માત્ર પેટીએમ થી જ પેમેન્ટ કરેલા છે. તેમના એક પણ પેમેન્ટમાં પેમેન્ટ રિસીવ નો મેસેજ આવ્યો નથી. તે ઉપરાંત શંકા એટલા માટે વધુ મજબૂત બની કે તે શખ્સોએ ગાડીમાં પેટ્રોલ ડીઝલ ભરાવ્યા ઉપરાંત કેરબાઓ પણ ભરીને લઈ ગયેલા છે. એક-બે વાર તો ૨૫-૨૫ હજારના બિલો બનેલા છે જેનુ પેમેન્ટ પેટીએમ થી કરેલું છે. આ બાબતની ઊંડાણપૂર્વક તપાસ કરતા બહાર આવ્યું કે આ ટોળકી રાત્રે ૯ થી ૧૧ ના સમયગાળામાં જ આવતી હતી અને કોઈ ફેક એપ્લિકેશનના ઉપયોગથી પેટીએમ પેમેન્ટ સક્સેસફુલ નો મેસેજ બતાવીને




પેટ્રોલ પંપ સંચાલકોને ચૂનો લગાવ્યો છે. પેટ્રોલ પંપ માલિકે ટ્રેપ ગોઠવીને રાત્રે આ ગેંગના એક સાગરીતને પકડીને પોલીસને સોંપી હોવાનું પણ જાણવા મળ્યું છે. જે સંદર્ભે ચિલોડા પોલીસ દ્વારા ઊંડાણપૂર્વક પૂછપરછ શરૂ કરવામાં આવી છે.

# ડભોડા પોલીસ સ્ટેશનમાં જઈને બુટલેગરનો આપઘાતનો પ્રયાસ

## પાંચેક દિવસ પહેલા દારૂ સાથે પકડાયેલા શખ્સની પૂછપરછમાં આ બુટલેગરનું નામ ખુલ્યું હતું : ડભોડા પી.એસ.આઈના ત્રાસથી દવા પીધી હોવાની બુટલેગરની કેફિયત

ગાંધીનગર, તા. ૧૭

ડભોડા પોલીસ સ્ટેશનમાં જઈને આજે સવારે એક લિસ્ટેડ બુટલેગરે દવા પી લઈ આપઘાતનો પ્રયાસ કરતાં ચકચાર મચી જવા પામી છે. ડભોડા પોલીસ તાત્કાલિક તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ ગઈ હતી. હોસ્પિટલમાં દાખલ આપધાતનો પ્રયાસ કરનાર બુટલેગર ડભોડા પી.એસ.આઈનાં ત્રાસથી દવા પીધી હોવાની કેફિયત આપી રહ્યો છે. તો બીજી તરફ પોલીસનું કહેવું છે કે પાંચેક દિવસ પહેલા દારૂ સાથે પકડાયેલ એક શખ્સની પૂછપરછમાં આ બુટલેગર નામ ખૂલ્યું હોવાથી પોલીસને દબાવવા પ્રયત્ન કર્યો હોવાની શક્યતા છે.

મળતી માહિતી મુજબ આજે સવારના અરસામાં ડભોડા પોલીસ સ્ટેશનમાં એક લિસ્ટેડ બુટલેગર પહોંચી ગયો હતો અને ખિસ્સામાંથી દવાની બોટલ કાઢીને પોલીસ સ્ટેશનમાં જ આ દવા ગટગટાવી લઈ આપઘાતનો પ્રયત્ન કર્યો હતો. આપઘાતનો પ્રયત્ન કરતા બુટલેગરને જોઈ જતા પોલીસ દોડતી થઈ ગઈ હતી અને તેને ઊંચકીને ગાડીમાં બેસાડી ડભોડા પોલીસ તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ ગઈ હતી. આપઘાતનો પ્રયાસ કરનાર મનોજ નામનો લિસ્ટેડ બુટલેગર હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બુટલેગર મનોજનું કહેવું છે કે ડભોડા પી.એસ.આઈ ના ત્રાસથી તેણે આ પગલું ભર્યું છે. તો બીજી તરફ પોલીસનું કહેવું છે કે પાંચ દિવસ પહેલા ડભોડા પોલીસે દારૂની એક બોટલ સાથે એક શખ્સને પકડયો હતો. તેની પૂછપરછ કરતા તે દારૂની બોટલ મનોજ નામના આ બુટલેગર પાસેથી લાગ્યો હોવાનું ખુલ્યું હતું. આ દારૂના કેસમાં પોલીસ તેના ઘરે ધરપકડ માટે પહોંચી હતી પરંતુ તે મળી આવ્યો ન હતો. જેને પગલે આજે સવારે તે જાતે જ આવી પહોંચ્યો હતો અને પોલીસને દબાવવા આ પગલું ભર્યું હોવાની શક્યતા છે.

# ઉપરાછાપરી ચપ્પાના ઘા ઝીંકીને પતિએ પત્નીને મોતને ઘાટ ઉતારી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આવેલા મોટા પસુણીયા ગામમાં ગઈકાલે પતિએ જ પત્નીની હત્યા કરી નાખી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. પત્નીએ તેના પતિને ઠપકો આપ્યો હતો કે તમે ખોટા ખર્ચા કરીને દેવું વધારો છો. પત્નીની આ વાત લાગી આવતા પતિએ ડંડા અને ચપ્પા વડે પત્ની પર હુમલો કર્યો હતો અને ઉપરાછાપરી ચપ્પાના ઘા ઝીંકીને પત્નીને મોતને ઘાટ ઉતારી દીધી હતી. પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને હત્યારા પતિની ધરપકડ કરી સઘન પુછપરછ શરૂ કરી છે.

પોલીસ મથકેથી મળતી માહિતી મુજબ દહેગામ તાલુકાના મોટા પસુણીયાં ગામનાં એક ઈંટોના ભઠ્ઠા ખાતે રહેતા મહેન્દ્રપાલ રઘુવીર જાટવ (ઉ.વ. ૪૨ ) તેની પત્ની જ્ઞાનવતી જાટવ (ઉ.વ. ૩૧) તથા ચાર સંતાનો સાથે ભઠ્ઠાવાડી જગ્યામાં તંબુ બાંધી રહેતો હતો અને મજુરી કામ કરતો હતો. ગઈ કાલે સાંજે મહેન્દ્રપાલ શાકભાજી લઈને ઘરે આવ્યો હતો ત્યારે તેની પત્નીએ મહેન્દ્રપાલને 'તું કામ કરતો નથી ખોટા ખર્ચ કરી દેવું વધારે છે' તેમ ઠપકો આપ્યો હતો. પત્નીની આ વાતથી ઉશ્કેરાઈ ગયેલા મહેન્દ્રપાલે પત્ની જ્ઞાનવતીને માથાના ભાગે દંડાનો ફટકો માર્યો હતો. જેને પગલે પત્ની તરફડીયા ખાઈને નીચે ઢળી પડી હતી. ત્યાર બાદ ઉશ્કેરાયેલા પતિએ બાજુમાંથી ચપ્પુ લાવી જ્ઞાનવતિની છાતીની બાજુમાં ઘા ઝીક્યા હતા. બૂમાબૂમ થતાં બાજુમાં રહેતો ઓમપાલ નાથુલાલ જાટવ તથા અન્ય લોકો આવી પહોંચ્યા હતા. ઈંટોનો ભઠ્ઠો ગામથી દુર હોવાથી તાત્કાલિક વાહનની વ્યવસ્થા થઈ શકી ન હતી . બીજી તરફ આ અંગેની જાણ પોલીસને પણ કરવામાં આવતા ઘટના સ્થળે પોલીસ દોડી ગઈ હતી. ગંભીર રીતે ઘાયલ જ્ઞાનવતીને દહેગામના સરકારી દવાખાને લઈ જવાઈ હતી. જ્યાં ફરજ પરના તબીબે તેણીને મૃત જાહેર કરી હતી. આ ઘટના અંગે પોલીસે ઓમપાલ જાટવની ફરિયાદ આધારે મૃતકના પતિ મહેન્દ્રપાલ વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી લીધી છે.

# વૈષ્ણોદેવી સર્કલ પાસેથી કારમાં થતી વિદેશી દારૂની હેરાફેરી ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સરખેજ હાઈવે ઉપર આવેલા વૈષ્ણોદેવી સર્કલ નજીકથી અડાલજ પોલીસે ગઈ કાલે ચોક્કસ બાતમીના આધારે વિદેશી દારૂ ભરીને હેરાફેરી કરી રહેલી એક કાર સાથે એક શખ્સને પકડી પાડયો હતો. અડાલજ પોલીસે આઈ-૨૦ ગાડી પકડીને તેમાંથી ૨૬૩ વિદેશી દારૂની બોટલ પકડી પાડી હતી. રૂ.૩.૨૯ લાખના મુદ્દામાલ સાથે અડાલજ પોલીસે એક બુટલેગરની ધરપકડ કરી લીધી હતી. તો બીજી તરફ એક બુટલેગર પોલીસને ચકમો આપીને નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. અડાલજ પોલીસે ગુનો દાખલ કરી પકડાયેલા બૂટલેગરને સઘન પૂછપરછ શરૂ કરી દારૂનો માલ ક્યાંથી લાવ્યો હતો અને ક્યાં લઈ જવાઈ રહ્યો હતો તે સહિતની ઊંડી તપાસ શરૂ કરી છે.

અડાલજ પોલીસ સ્ટેશનના પીઆઈ જે. જી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોર્ડના પીએસઆઈ એ. જી. એનુરકાર તથા હે. કો. કેવલસિંહ અનોપસિંહ, પોલીસ કોન્સ્ટેબલ ચંદ્રશેખર ગોપાલસિંહ તથા



મનિષસિંહ પેટ્રોલિંગમાં હતા ત્યારે તેમની દારૂની હેરફેરી અંગે બાતમી મળી હતી. બાતમી આધારે ટીમ વૈષ્ણોદેવી પાસે વોચમાં ગોઠવાઈ ગઈ હતા ત્યારે બાતમીવાળી જીજે-૨૦-એ-૬૧૩૬ નંબરની આઈ-૨૦ કાર ત્યાંથી નીકળી હતી. સર્વેલન્સની ટીમે કોર્ડન કરી કાર રોકી ચાલક આરોપી સિંકદર હુસૈન અજીઝહુસૈન અંસારી (રહે- સંકલિતનગર, જુહાપુરા)ને અડાલજ નજીક વૈષ્ણોદેવી સર્કલ પાસેથી પકડી પાડી કારમાંથી ૨૬૩ બોટલો દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. પોલીસે રૂ.૭૮,૯૦૦ કિંમતના દારૂ અને અઢી લાખ કિંમત મળી રૂ.૩.૨૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# શાહ પકડાશે તો પણ રૂપિયા પાછા મળવાની આશા ઓછી

એકના ડબલ કરવાની લાલચ આપી રૂ.૨૬૦ કરોડનું ફુલેકું ફેરવી નિર્દોષ નાગરિકોને રાતા પાણીએ નવડાવી નાસી છૂટેલા વિનય શાહે માત્ર ૧૦ હજાર રૂપિયાના ખર્ચે તેની બોગસ કંપની ઉભી કરીને આ સમગ્ર કૌભાંડ આચર્યુ હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. બીજી ચોંકાવનારી વાત એ છે કે, વિનય શાહે કંપનીને પ્રાઈવેટ લિમિટેડ બનાવવાના બદલે તેને લિમિટેડ લાયાબિલીટી પાર્ટનરશીપ (એલએલપી) બનાવી હતી. આ કંપની શરૂ કરવા માટે માત્ર ૧૦ હજાર રુપિયાનો ખર્ચ થાય છે, જ્યારે તેની સાથે કંપની જો ફડચામાં જાય તો કંપનીની મિલકત ટાંચમાં લઈ શકાતી નથી. આમ, જો વિનય શાહ પકડાય તો પણ લોકોના પૈસા પાછા મળે તેવી શકયતા નહીવત્ હોવાની ચર્ચાએ પણ હવે જોર પકડયું છે. રૂ.૨૬૦ કરોડનું ફુલેકું ફેરવવા માટે વિનય શાહે તેના શેતાની ભેજાનો ઉપયોગ કર્યો હતો અને તેણે પોતાની કંપનીને પ્રાઈવેટ લિમિટેડ બનાવવાના બદલે તેને લિમિટેડ લાયાબિલીટી પાર્ટનરશીપ (એલએલપી) બનાવી હતી. આ કંપની શરૂ કરવા માટે માત્ર ૧૦ હજાર રુપિયાનો ખર્ચ થાય છે, જ્યારે તેની સાથે કંપની જો ફડચામાં જાય તો કંપનીની મિલકત ટાંચમાં લઈ શકાતી નથી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## ગુજરાત સ્ટેટ બાયોટેકેનોલોજી મિશન (GSBTM) અને ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર (GBRC) માટે સંયુક્ત ભરતી અંગેની જાહેરાત

### વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર

**GSBTM/GBRC, DST, GOG** દ્વારા જાહેરાત ક્રમાંક - ૦૧ / ૨૦૧૮થી તા. ૧૭/૧૧/૨૦૧૮થી તા. ૧૦/૧૨/૨૦૧૮ સુધીમાં નીચેના સંવર્ગની જગ્યાઓ માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીપત્રકો મંગાવવામાં આવે છે. સદરહુ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેવી કે શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર, છૂટછાટ, પગાર ધોરણ, અરજી ફી, અરજી કરવાની રીત, જાહેરાતની સામાન્ય જોગવાઈઓ તથા અન્ય વિગતો જીએસબીટીએમની વેબસાઈટ https://btm.gujarat.gov.in પર જોવા વિનંતી છે. અરજીપત્રક વેબસાઈટ પરથી ડાઉનલોડ કરીને, વિગતો ભરવાની રહેશે.

જીએસબીટીએમ અને જીબીઆરસીની ભરતી માટે ઉપલબ્ધ જગ્યાઓની વિગત :

| | | | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જગ્યાનું નામ | સંસ્થાનું નામ | કુલ જગ્યાઓ | બિન અનામત (સામાન્ય) | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ.વ. | બિન અનામત (સામાન્ય) | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ.વ. |
| વૈજ્ઞાનિક-બી(ગ્રુપ-૧) | જીબીઆરસી | ૧૬ | ૯ | ૧ | ૨ | ૪ | ૨ | ૦ | ૦ | ૧ |
| મેનેજર(ગ્રુપ-૨) | જીએસબીટીએમ | ૮ | ૫ | ૦ | ૧ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ |
| હિસાબી-કમ-વહીવટી અધિકારી(ગ્રુપ-૨) | જીબીઆરસી | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| નાયબ મેનેજર(ગ્રુપ-૩) | જીએસબીટીએમ | ૭ | ૫ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ |
| હિસાબનીશ(ગ્રુપ-૩) | જીએસબીટીએમ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | જીબીઆરસી | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મદદનીશ (ગ્રુપ-૩) | જીએસબીટીએમ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | જીબીઆરસી | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૨ (ગ્રુપ-૩) | જીએસબીટીએમ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ટેકનીકલ આસિસ્ટન્ટ (ગ્રુપ-૩) | જીબીઆરસી | ૧૧ | ૮ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ |
| ટાઈપીસ્ટ-કમ-કલાર્ક (ગ્રુપ-૩) | જીએસબીટીએમ<br>જીબીઆરસી | ૧<br>૨ | ૧<br>૨ | ૦<br>૦ | ૦<br>૦ | ૦<br>૦ | ૦<br>૦ | ૦<br>૦ | ૦<br>૦ | ૦<br>૦ |
| કુલ | | ૫૨ | ૩૭ | ૧ | ૫ | ૯ | ૬ | ૦ | ૦ | ૧ |

ખાસ નોંધ : (૧) ઉપર દર્શાવેલ ખાલી જગ્યાોની સંખ્યામાં ફેરફાર કરવાનો હક્ક GSBTM/GBRC નો રહેશે અને તે ઉમેદવારોને સ્વીકાર્ય રહેશે. (૨) શારીરિક અશક્ત અને માજી સૈનિકના ફાળે કોઈ જગ્યા અનામત આવતી નથી.

તા. ૧૭/૧૧/૨૦૧૮
માહિતી/૨૦૯૯/૧૮-૧૯

મિશન નિયામક/નિયામક
જીએસબીટીએમ/જીબીઆરસી